AHMEDABAD, WEDNESDAY, MARCH 20, 2019 | VOL.NO-4, ISSUE NO-7 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-




# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



**બાળકોને વેકેશન એટલે માતાઓની પરીક્ષા**

ભણતરનો ભાર એટલો અસહ્ય થઇ પડ્યો છે કે વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન જ વેકેશનની છુટ્ટીનું આયોજન કરવા લાગે છે. પરીક્ષા પૂરી થતાં બીજા-ત્રીજા દિવસે બાળકો મામાને ત્યાં, કોઇ કાકા-કાકીને ત્યાં, કોઇ મમ્મી-પપ્પા સાથે ૧૨-૧૫ દિવસનાં પ્રવાસે ઉપડે છે. **પેજ 3**



**મુજ વિતી તુજ વિતશે ધીરજ બાપુડા...**

એક કુટંબમાં પતિ-પત્ની તેમનો પાંચ વર્ષનો દિકરો અંશુમ અને દાદાજી સાથે રહેતા હતા. અંશુમના દાદાની ઉંમર સિત્તેર કરતા વધારે હતી. **પેજ ૪-૫**



**મહારાણી ઉદયમતીની રાણીવાવ**

સામર્થ્ય અને સમૃદ્ધિ, વિદ્યા અને રસિકતાનો પ્રદેશ એટલે ગુજરાત. ૫મી થી ૧૩મી સદી દરમિયાન આ પૂણ્યભૂમિમાં અનેક કિર્તિગાથાઓ રચાઇ છે. **પેજ ૬**



**અજ્ઞાનતા દુશ્મન નથી, પરંતુ તમને બધુ જ આવડે છે એ સમજ જ તમારો સૌથી મોટો દુશ્મન છેઃ સ્ટીફન હોકિંગ**

પોતાની જીંદગીના ૫૩ વર્ષ વ્હીલચેર પર પસાર કરનારા સ્ટીફન હોકિંગના મૃત્યુને ૧૪ માચર્ના રોજ એક વર્ષ પુરુ થયું. **પેજ ૭**

# શિક્ષણ મુશ્કેલીઓનો સામનો કરતા શીખવે છેઃ પરીક્ષા માત્ર અભ્યાસની છે, જીંદગીની નહીં

### બાળકોની સફળતાને વાલી તાળીઓ પાળીને બિરદાવતા હોય તો નિષ્ફળતામાં ખભે હાથ મૂકીને મનોબળ વધારવું જોઈએ



ફુલગુરૂ

બાળકોને માતા પિતાથી વધારે કોઇ સમજી જ ન શકે. બાળક જ્યારે નાનું હોય છે ત્યારે ઘોડીયામાં સુતેલા બાળકના નાના સરખા અવાજ પરથી દુર આરામ કરતી માને ખ્યાલ આવી જાય છે કે પોતાના બાળક હવે ભુખ લાગી છે. આજુબાજુના લોકોને તેની જાણ થાય કે ન થાય તે પહેલા બાળકની માને તેનો ખ્યાલ આવી જ જાય છે કે પોતાના સંતાનને શાની જરૂર છે. તે તેની જરૂરીયાત પુરી કરવા દોડી પડે છે. તો આ જ પેરેન્ટ્સ પરીક્ષામાં પોતાના સંતાન પાસે કેમ વધારે પડતી અપેક્ષા રાખે છે. વિદ્યાર્થી પાસેથી રાખવામાં આવતી વધારે પડતી અપેક્ષા તેના અસ્તીત્વ સામે સવાલ ઉભો કરે છે. જ્યારે બાળક ફેલ થાય છે ત્યારે પેરેન્ટ્સની સાથે બાળકના સપના પણ તુટે છે. ત્યારે બાળકના તુટેલા સપનાને જોડવા તેને પોતાના માતા-પિતાનો સાથ જોઈતો હોય છે. કદાચ બાળક તેના મિત્ર સર્કલમાં નાપાસ કે ઓછા ગુણના મેણા સહન કરી લેશે, પરંતુ જો આ આજ સ્થિતી ઘરમાં હશે તો તે જીંદગીથી કંટાળી જશે, ભાંગી જશે. ત્યારબાદ બાળક કોઈ સ્પર્ધામાં ઉભો નહીં રહી શકે. માતા પિતા તેનો બેકઅપ પાવર છે. જ્યારે બાળકની એનરર્જી પુરી થઇ જાય છે ત્યારે તેને અપેક્ષા છે કે બેકઅપ પાવર તેની એનર્જી પુરી પાડે.

દરેક માતા પિતા ઈચ્છે છે કે પોતાનું બાળક ક્લાસમાં, મિત્ર વર્તુળમાં કે પોતે રહે છે તેની આજુબાજુના બાળકોમાં સૌથી વધારે ગુણ મેળવનાર હોય. ઘણીવાર વાલી માટે વટનો સવાલ બની જાય છે. પરંતુ તે ભુલી જાય છે કે બાળકના ગુણો કોઈ યુદ્ધમાં ઉડાડવાના જેટ પ્લેન નથી કે એક ટ્રીગર દબાવો કે તરત જ તેમાંથી મિસાઈલ છુટે. અભ્યાસ એ લાંબી ચાલતી પ્રક્રિયા છે. એક રાતમાં તેનું પરીણામ નહીં આવે.

ગયા વર્ષે દિલ્હીના ૧૨ ધોરણના વિદ્યાર્થીનો કિસ્સો દરેક પેરેન્ટ્સે ધ્યાને રાખવો જોઈએ. કરણવીર સિંગે ફિઝીક્સનું પેપર નબળુ જતા પોતાના દાદાના ઘરે પંખા સાથે લટકીને સુસાઈડ કરી લીધું હતું. કરણવિર તેના માતા પિતાનું એક માત્ર સંતાન હતો. તેના માતા પિતાએ કહ્યું કે તેમનો બાળક એન્જિનિયર બનવા માંગતો હતો. કરણવિરે પોતાની સુસાઈડ નોટમાં પોતાના માતા પિતાને સંબોધીને લખ્યું હતું કે, 'મને માફ કરજો, હું તમારી અપેક્ષાઓ પુરી ન કરી શક્યો. શા માટે માતા પિતાની અપેક્ષાઓ એટલી વધી જાય છે કે બાળક પાસે જિંદગી ટુંકાવી દેવા સીવાય બીજો કોઈ રસ્તો જ નથી રહેતો.

## પહેલા પોતાની શક્તિ જાણો

પરીક્ષામાં બેસનારો દરેક વિદ્યાર્થી પહેલા ક્રમે નહીં આવી શકે. દરેક વિદ્યાર્થી દરેક બાબતોનો તજજ્ઞ હોય તે જરૂરી નથી. સૌથી પહેલા તો દરેક વિદ્યાર્થીએ પોતે જ નક્કી કરવું જોઈએ કે પોતે કઇ બાબતમાં એક્સપર્ટ છે. હવે સમય બદલાયો છે, તમારી સ્કીલ પ્રમાણે માર્કેટમાં ઘણી નોકરીની તકો રહેલી છે. ત્યાં સુધી કે જો તમારી પાસે સારો આઈડિયા હશે તો તમે પોતાની કંપની પણ શરુ કરી શકશો. અત્યારે ઘણા સ્ટાર્ટઅપ તમારી સામે છે. જેઓ નાના આઈડિયાથી શરૂ થયા હતા અને આજે કરોડો રૂપિયાનું ટર્ન ઓવર કરતી મોટી બિઝનેસ કંપનીઓ બની ગઈ છે. પરંતુ જ્યાં તમે એક નાની પરીક્ષાથી હારીને- થાકીને બેસી જશો તો તમે જીંદગીની સમસ્યા કેવી રીતે સોલ્વ કરી શકશો, જીંદગીનો ગોલ હંમેશા મોટો હોય છે. નાના નાના ગોલથી સંતુષ્ઠ થઈને બેસી જશો તો જલદી તમે થાકી જશો. કોઈપણ કામનો વિજેતા હંમેશા એક જ હોય છે, પરંતુ ત્યાં સુધી પંહોચવામાં ઘણી હાર સહન કરવી પડશે.

## ડિગ્રી નહીં, પેશન મહત્વનું છે

આપણે ત્યાં લોકો માને છે કે માત્ર અભ્યાસને કારણે જ સફળતા મળે છે, ઉંચી ડિગ્રીને કારણે નોકરી અને ફ્યુચર બને છે. પરંતુ વિશ્વમાં ઘણા લોકો એવા છે કે જેઓએ ડિગ્રીને નહીં પરંતુ પોતાના સપનાને મહત્વ આપ્યું. અને એ સપનાને પુરુ કરવા માટે શરીરના અંતીમ શ્વાસ સુધી લડી લેવાની તૈયારી દર્શાવી. બિલ ગેટ્સના નામથી કોઈ અપરીચિત હોય તેમ નહીં હોય. તેઓએ પોતાનો અભ્યાસ ૨૦ વર્ષની ઉંમરેથી છોડી દીધો હતો અને પોતાના સપનાને પુરુ કરવા તનતોડ મહેનતનો રસ્તો અપનાવ્યો. આજે તેઓ દુનિયાના સફળ વ્યક્તિઓના લીસ્ટમાં અવ્વલ નંબર પર છે. સ્ટીવ જોબ્સ, માઈકલ ડેલ વગેરે સફળ લોકોએ પોતાના અભ્યાસ કરતા સપનાને અને હિંમતને મહત્વ આપ્યું. ક્રિકેટના ભગવાન તરીકે આપણે જેને માનીએ છીએ તે સચીન તેંડુલકર માત્ર ૧૦ ધોરણ પાસ છે. પોતાની એક્ટિંગથી લોકોના દિલમાં અનેરૂ સ્થાન મેળવનાર આમિર ખાન પણ માત્ર ૧૨ ધોરણનો અભ્યાસ કરેલા છે. બોક્સીગમાં દુનિયામાં નામના મેળવનાર અને જેમની જીંદગી પરથી ફિલ્મ બની છે તે મેરી કોમ પણ સ્કૂલ ડ્રોપ આઉટ છે. નેશનલ એવોર્ડ વિનર એક્ટર અક્ષય કુમાર પણ સ્કૂલમાં ફેલ થયેલા, ડરતા ડરતા તેમણે પોતાનું પરિણામ પત્રક પેરેન્ટ્સને બતાવેલ.આ તમામ લોકો નિષ્ફળતા મળતા થાકીને હારીને બેસી નહોતા ગયા, પરંતુ તનતોડ મહેનત કરીને પોતાનું નામ દુનિયામાં ગુંજતુ કર્યું.



## માતા પિતાએ પોતાના બાળકોને નિષ્ફળતા પચાવતા શીખવવું જોઇએ

જ્યારે માતા-પિતા બાળકોની સફળતાની ઉજવણી કરે છે ત્યારે તેની નિષ્ફળતામાં હિંમત આપતા અને એ નિષ્ફળતાને પચાવતા પણ બાળકને શીખવવું જોઈએ. આપણે ત્યાં લાખો લોકો છે કે જેઓ નિષ્ફળ ગયા છે અને સતત મહેનતને કારણે સફળ પણ રહ્યાં છે. દરેક નિષ્ફળતા તમને કંઈક શીખવે છે. થોમસ આલ્વા એડિશને બલ્બ બનાવતા સમયે જેટલો સમય નિષ્ફળ થયા તેટલીવાર તે નવી બાબતો શીખ્યા, નિષ્ફળતાઓ માંથી શીખીને જ સફળતા મળી. જ્યારે બાળક પરીક્ષામાં નાપાસ કે ઓછા ગુણ લાવે છે ત્યારે તમારે તેને હંમેશા શીખવવું જોઈએ કે નિષ્ફળતા એ એક લેસન છે. તમારી મહેનત કે તમારી થિયરીમાં ક્યાંક કચાશ છે. જો ગણીતના વિષયમાં દાખલાના સ્ટેપ સાચા ન હોય તો તેનો જવાબ ક્યારેય સાચો આવતો નથી. તેમ જીંદગીમાં પણ એવું જ છે. જ્યારે તમારી મહેનતમાં કમી હોય અથવા યોગ્ય રસ્તો ન પસંદ કર્યો હોય ત્યારે નિષ્ફળતા મળે છે. તમને ફરીવાર તક મળશે ત્યારે તમારે ભુતકાળમાં કરેલી ભુલને રિપીટ નહીં કરવી. આ તમામ બાબતો માતા-પિતા પોતાના બાળકોને શીખવવી પડશે. માત્ર પરીક્ષા માટે નહીં પરંતુ જીંદગીની પરીક્ષામાટે પણ તમારે પોતાના બાળકોને નિષ્ફળતા પચાવતા શીખવવું પડશે. નહીતર તેનું પરિણામ બહું જ ગંભીર આવી શકે છે. મનથી હારેલો માણસ ક્યારેય સફળ થતો નથી. માટે નિષ્ફળતાને સફળતાની ચાવી સમજીને આગળની મહેનત કરવી જોઈએ.

## ડી.પી. હાઇસ્કૂલ દ્વારા મેગા ઇવેન્ટનું આયોજન















ડી.પી. હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તેમજ વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકે તે ઉદ્દેશથી દર વર્ષે મેગા ઈવેન્ટનું આયોજન કરે છે. વૈવિધ્ય સભર વિષયવસ્તુ પર આધારિત વિવિધ કાર્નિવલ દ્વારા વિદ્યાર્થીઓની દૃષ્ટિ બદલે છે. વિદ્યાર્થીઓને કો-ઓડીનેશન અને સેલ્ફ ડિસિપ્લીન શીખવે છે. વિદ્યાર્થીઓમાં સ્માર્ટનેસ અને વિઝન ડેવલપમેન્ટ આવે છે.

## શિવ આશિષ સ્કૂલ ગુજરાતી મીડિયમ દ્વારા એક નવો અભિગમ



શિવ આશિષ સ્કૂલ દ્વારા કે.જી વિભાગના વિદ્યાર્થીઓના માતા-પિતા ઘરના કામકાજમાં ખૂબ વ્યસ્ત હોવાને કારણે શાળા સુધી પહોંચી શકતા નથી. તેવા બાળકોના ઘરે શિક્ષકો પહોંચ્યા. અને બાળકોના માતા-પિતાને અભ્યાસ વિશે, સ્વચ્છતા વિશે અને હોમવર્ક વિશે વિદ્યાર્થીઓના ઘરે જઈને સમજ આપી. તેના પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીઓના માતા-પિતા તરફથી ખૂબ સારો પ્રતિભાવ મળ્યો.

## મહુવાની બેલુર વિદ્યાલયમાં રોડ સેફ્ટી અવરનેસ કાર્યક્રમ



મહુવા વિસ્તારમાં ફોર લાઈનીંગ રોડનું કામ શરૂ હોય ત્યારે મહુવાની ખ્યાતનામ શાળા બેલુર વિદ્યાલયમાં ‘રોડ સેફટી અવેરનેસ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ડિપાર્ટમેન્ટ તરફથી પુરી સાહેબે હાજરી આપી. કાર્યક્રમમાં શ્રી પુરી સાહેબે બાળકોને રોડના નિયમો, ટ્રાફિકના નિયમો, સેફટી અવેરનેસ વગેરે બાબતે વાત કરી તથા ‘આપણી જાગૃતતા એજ આપણી સલામતી’ની વાત કરી. આ ઉપરાંત બાળકો સાથે વિવિધ પ્રશ્નોતરી કરી બાળકોને વિવિધ રોડ સિગ્નલો બાબતે વાત કરી હતી.આ તકે બેલુર વિદ્યાલય વતી સંસ્થાના એમ.ડી. શ્રી બી.સી. લાડુમોર સાહેબ, સેક્રેટરી શ્રી પી. એમ. નકુમ સાહેબે શ્રી પુરી સાહેબનો આભાર વ્યક્ત કરેલ.

## માધવ વિદ્યા સંકુલ વસ્ત્રાલ ખાતે રમતોત્સવનું આયોજન









માધવ વિદ્યા સંકુલ ખાતે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિદ્યાર્થીઓ ૧૦૦ મીટર દોડ, લંગડી દોડ, કોથળા કૂદ, સ્લો સાઈકલ રેસ અને સંગીત ખુરશી જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

## વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન













વિદ્યાર્થીઓને ‘વિજ્ઞાન એજ કુદરત અને કુદરત એજ વિજ્ઞાન’ની પ્રતીતિ કરાવવા આપણી આજુબાજુની કુદરતને વિજ્ઞાનનાં દૃષ્ટિકોણથી નિહાળવા, નિત્ય ઘટનાઓનો વિજ્ઞાન સાથેનો સંબંધ સમજે તે માટે અતુલ (ત્રિપદા) પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૫ના બાળકો દ્વારા ‘વિજ્ઞાન પ્રદર્શન’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ રસોડાનું વિજ્ઞાન, પ્રાણીજગત, વનસ્પતિ, માનવશરીર, ઉચ્ચાલન, બ્રહ્માંડ, સૌરઉર્જા અને પ્રયોગોનું નિદર્શન કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં વાલીઓ જોડાયા હતા.

**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી ‘ધી ઓપન પેજ’માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

**વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# બાળકોને વેકેશન એટલે માતાઓની પરીક્ષા



**ડો. નાનકભાઇ ભટ્ટ**
ભાવનગર

ભણતરનો ભાર એટલો અસહ્ય થઇ પડ્યો છે કે વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન જ વેકેશનની છુટ્ટીનું આયોજન કરવા લાગે છે. પરીક્ષા પૂરી થતાં બીજા-ત્રીજા દિવસે બાળકો મામાને ત્યાં, કોઇ કાકા-કાકીને ત્યાં, કોઇ મમ્મી-પપ્પા સાથે ૧૨-૧૫ દિવસનાં પ્રવાસે ઉપડે છે.

પણ શહેરોમાં ઘર નાનાં, રસ્તા ઉપર વાહનોની અવર-જવર, બાગ-બગીચા કે રમવાનાં મેદાનો ભાગ્યે જ હોય અને હોય તે પણ ઘરથી દૂર, તેમાં વળી ગરમી અને પાણીની ખેંચ, આથી બાળકોની મહેમાનગતિ પણ સંકોચાતી રહે તે સ્વાભાવિક છે. અને પરીક્ષાનું પરીણામ આવતાં સુધીમાં વેકેશનનો એક દોર પૂરો થઇ જાય અને બાળકો ! બાળકો પાછાં પોતાનાં ઘરે પહોંચી જાય.

વેકેશન આવતાં બાળકો સાવ નવરા સવારથી ટી.વી., ટેઇપરેકોર્ડર, સતત કંઇ ખાધા-પીધા કરવાનું બાળકો વચ્ચે નાની મોટી તકરાર અને તેમાં અલપઝલપ રમતો. વેકેશન, વિદ્યાર્થીઓને સાંજે હરવા-ફરવાનું મન થાય. પણ પુરૂષ વર્ગ નોકરી-ધંધામાં વ્યસ્ત, આથી રોજ કંઇ પ્રોગામ બને નહીં અને છેવટે બાળકોને પૂરો સમય સાચવવાની જવાબદારી માતાઓ ઉપર આવી પડે છે. જાણે તેમની પરીક્ષા જ.

વ્યવસાય કરતી સ્ત્રીઓ માટે બાળકોની રજા બોજારૂપ બને છે, તેમ ઘરકામ સાથે જોડાયેલ માતાઓ માટે વેકેશન આરામ ઝૂંટવી લેનાર બને છે. ઘરમાં બાળકોની સતત હાજરી પણ સ્ત્રીઓને પરેશાન કરે છે.

આવી સ્થિતિ વચ્ચે વેકેશનમાં ૪૫-૫૦ દિવસ સંતાનોને સાચવવા માટે તમારા ૯ થી ૧૫ વર્ષનાં બાળકોને જીવન શિક્ષણ સાથે સંકળાયેલા રોજની ૧-૨ તાલીમ તરીકે ૫૫ પ્રવૃત્તિઓ આપો અને પછી જુઓ ફરક !!! શાળાઓની રજા દરમ્યાન બાળકોને નીચેના જેવી પ્રવૃત્તિઓની અવૈધિક તાલીમ આપી શકાય.

(૧)કચરો વાળતાં, કઇ જગ્યાએ ક્યાં પ્રકારની સાવરણીનો ઉપયોગ થાય ?ક્યારે ઉભા રહીને અને ક્યારે બેસીને વળાય તે શીખે, (૨)પોતુ કરતાં, પોતું કરવા માટે વપરાતું કપડું કેવું હોવું જોઇએ તે જાણે. (૩) બાથરૂમ, સંડાસ, ખાળ, ગટર સાફ કરતાં ફિનાઇલ, સાબુનો ઉપયોગ ક્યારે થાય તે જાણે, (૪) પોતાનાં કપડાં ધોતાં આવડે, (૫) વાસણ સાફ કરતાં (૬) ઓવન, રેફ્રીજરેટર,



> **આવતા સમયનું પ્રતિબિંબ આજનાં બાળકમાં જોઇ શકાય છે ત્યારે જે માતાઓનાં ભૂતકાળ થકી બાળકનાં વર્તમાનનું સર્જન થયું છે. તે જ સ્ત્રીઓ બાળકનાં ભવિષ્યનાં સર્જન માટે થોડી વધુ ખેવના રાખે તો સોનામાં સુગંધ ભળે**

ટી.વી., ટેલીફોન, મોબાઇલ પ્રકારનાં ઘર વપરાશનાં સાદા સાધનોનો ઉપયોગ કરતાં જાણે, (૭) ભાખરી શાક બનાવતાં જાણે, (૮) શાકભાજી, અનાજ, કરીયાણું ખરીદતાં, તેની કિંમત ગણતાં શીખે, (૯) ઇલેક્ટ્રીક સપ્લાયનો ફ્યૂઝ ઉડી ગયો હોય તો બાંધતા (૧૦) બટન ટાંકતાં (૧૧) કપડુ ફાટ્યુ હોય તો સાંધતાં (૧૨) દિવાલમાં ચંપલમાં કે ફર્નિચરમાં ખીલી ઠોકતાં કે સ્ક્રૂ બેસાડતા. (૧૩) ચોપડીને પૂઠું ચડાવતા, (૧૪) ગુંદરથી કાગળ ચોંટાળતા. (૧૫) સાચી રીતે સરનામું લખતાં, (૧૬) પડીકું વાળતાં, (૧૭) ફૂલોની માળા ગૂંથતાં, (૧૮) રંગીન દોરા અને સોયથી ભરતનાં ટાંકા લેતાં, (૧૯) પાણી ભરતાં, (૨૦) બસ અને રેલ્વે સમય પત્રક જોતાં શીખે, (૨૧) નકશો જોઇને સ્થાન શોધી કાઢવું, (૨૨) શેરડીનો સાંઠો છોલતાં, સૂડાથી કેરી કાપતાં, (૨૩) હિસાબ લખતાં, (૨૪) કોરા કાગળમાંથી નોટ બાંધતાં, (૨૫) ઘઉં, ચોખા, દાળ વગેરેની જાતને ઓળખતાં શીખે, (૨૬) કઇ ઋતુમાં ક્યાં શાકભાજી હોય તેની માહિતી જાણે અને તાજા શાકભાજી ખરીદતાં શીખે, (૨૭) કાપડની જાત ઓળખતાં શીખે, (૨૮) લખેલા સરનામાંના સ્થળે પહોંચવું, (૨૯) ઘેર આવતાં પત્રોનો ઉત્તર લખવો, (૩૦) સુઘળ રીતે શેતરંજી પાથરતાં અને સૂવા માટે પથારી કરતાં, (૩૧) ઝાડ ઉપર ચડતાં, (૩૨) આસોપાલવનાં તોરણ બનાવતાં, (૩૩) પશુને ચારો ખવડાવતાં, (૩૪) બૂટ પોલીસ કરતાં, (૩૫) પાણીમાં તરતાં, (૩૬) યોગ્ય રીતે પોતાનો પરીચય આપતાં, (૩૭) કૂંડામાં કે જમીનમાં છોડ રોપીને ઉછેરતાં, (૩૮) બેગ-બિસ્તરામાં સામાન ગોઠવતાં, (૩૯) કોઇપણ વસ્તુનું જોખીને વજન કરતાં શીખે, (૪૦) કાપડ અથવા જમીન માપતાં શીખે, (૪૧) રસ્સી-રસ્સાથી લાકડાંઓ બાંધતાં, (૪૨) બિસ્તરો બાંધતાં શીખે, (૪૩) કપડાની વ્યવસ્થિત ગડી કરતાં, (૪૪) ચિત્રકામ કરતાં, રંગોળી પૂરતાં, સુંદર અક્ષરે લખતાં અને સૂર તાલમાં ગીત ગાતાં શીખે, (૪૫) આંટા ખવાઇને ઢીલા થયાં હોય અને નળમાંથી પાણી પાણી ટપકતું હોય તો તે બંધ કરતાં, (૪૬) પાનુ, પક્કડ, ચીપિયો, હથોડી, સ્ક્રૂ ડ્રાઇવર, જેક, કોશ, કોદાળી, પાવડો, કાતર, કુહાળી, ખુરપી વગેરે સાધનોને ઓળખતા અને તેમનો ઉપયોગ કરતાં જાણે, (૪૭) લાઠી, ચાકુ, ગિલોલ, તીર કામઠું વગેરેનો ઉપયોગ કરતાં, (૪૮) સૂર્ય નમસ્કાર કરતાં જાણે, (૪૯) દોરડાની મદદથી પર્વત પર ચઢાણ કરવું, પશુ સવારી કરવી, ગુલાંટ ખાવી, દોરડાં કૂદવાં, (૫૦) સમૂહમાં ગીત સાથે અભિનય કરતાં આવડે, (૫૧) ઝાડ-પાન ઓળખતાં, (૫૨) અભ્યાસ અને અવલોકન નોંધ તૈયાર કરતાં, (૫૩) વડીલોને માન આપે, (૫૪) ૧૦ મિનિટ માટે શાંત ચિત્તે ધ્યાન કરવાની પદ્ધતિ શીખે, (૫૫) ઇશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખતાં જાણે, મા-બાપ પોતાનાં બાળકનાં રસ રૂચી, ઘરનાં વાતાવરણ અને ઉપલબ્ધ સાધનોની મર્યાદામાં આ યાદીમાં વધારો-ઘટાડો કરી શકે છે.

બાળકને એક કાર્ડ ઉપર આ કૌશલ્યો લખવા અને ક્રમશઃ રોજ એકથી બે કૌશલ્યો પૂર્ણ કરવા જણાવો. થોડી તાલીમ અને થોડું પ્રોત્સાહન આપો. રાત્રિનાં ભોજન સમયે બાળકે પ્રાપ્ત કરેલ કૌશલ્યની ચર્ચા કરો અને નોકરી ધંધાથી પરત આવેલા પપ્પા પેન-પેન્સિલ, પિપરમીટ તેમજ નાનો પુરસ્કાર આપે અને પછી જુઓ પરીવર્તન.

સર્જન શીલતાને પ્રાર્થના કહેનાર ઉપનિષદે સ્ત્રીઓનાં કૌશલ્યમાં પૂજા નીરખી છે. ગીતામાં પણ પ્રવૃત્તિનાં કૌશલ્યને યોગ કહ્યો છે. ત્યારે બાળકો સાથેનાં પ્રવૃત્તિ સાતત્યને જીવન શિક્ષણ તરીકે જોડવાની દ્રષ્ટિ કેળવવાની જરૂરીયાત છે.

ભણતરનાં ભાર વિના રજાની મજા માણતાં બાળકોમાં કૌશલ્યોનાં વિકાસથી તેઓને આત્મ પ્રદર્શનની તક મળે છે. તેઓમાં વિશ્વાસ વધે છે. તેઓ સર્જનનો આનંદ માણી શકે છે. અને શીખેલું જીવન પર્યન્ત યાદ રાખી ખપમાં લાવી શકે છે. શાળાકીય જીવનમાં બૌદ્ધિક વિકાસને પ્રાધાન્ય મળે છે, પણ શરીર અને મનની ભાવનાઓનો વિકાસ તો ગૃહ તાલીમ દરમિયાન જ થાય છે અને શિક્ષણનો મૂળ હેતુ સુદ્રઢ બને છે. બાળક આવતી કાલનું ભવિષ્ય છે. આવતા સમયનું પ્રતિબિંબ આજનાં બાળકમાં જોઇ શકાય છે ત્યારે જે માતાઓનાં ભૂતકાળ થકી બાળકનાં વર્તમાનનું સર્જન થયું છે. તે જ સ્ત્રીઓ બાળકનાં ભવિષ્યનાં સર્જન માટે થોડી વધુ ખેવના રાખે તો સોનામાં સુગંધ ભળે.

## તપોવન સ્કૂલ દ્વારા સંસ્કાર કાર્યક્રમનું આયોજન









**પાટણ શહેરમાં આવેલી તપોવન સ્કૂલ, લીટલ સ્ટાર સ્કૂલનો વિવિધ સંસ્કાર કાર્યક્રમ અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારોહ વ્યાસસભાગૃહ ખાતે યોજાયો હતો. કાર્યક્રમના વિશેષ મુખ્ય અતિથિ તરીકે પાટણના સાહિત્યકાર અને લેખક શ્રી અશોકભાઇ વ્યાસ દ્વારા દીપ પ્રાગટ્ય કર્યા બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના બાળકો દ્વારા પ્રાર્થના ગીત, સ્વાગત ગીત, તેમજ દેશભક્તિ ગીત રજૂ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સંચાલકશ્રી હાર્દિકભાઇ રાવલે તેમજ તમામ સ્ટાફમિત્રોએ ખૂબ જ સુંદર સહયોગ આપ્યો હતો.**





**પાટણ શહેરમાં આવેલી તપોવન ગ્રૂપ ઓફ સ્કૂલ દ્વારા પ્રગતિ મેદાન ખાતે આનંદ મેળાનું આયોજન કરાયું હતું. જેમા મા.શ્રી કે.સી. પટેલ, મા. શ્રી આર.આઇ પટેલ, શ્રી કેતનભાઇ એ. પ્રજાપતિ તેમજ શ્રી મહેન્દ્રભાઇ કે. પટેલ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવ્ય મેળાનું ઉદ્‌ઘાટન કરાયું હતું. જેમા શાળાના બાળકો દ્વારા ડાન્સ, ગીતો તેમજ અવનવી કૃતિઓ રજૂ કરી હતી. તેમજ આરોગ્ય ખાતા દ્વારા જન જાગૃતિના સ્ટોલ્સમાં બેટી-બચાવો, ભ્રૂણ હત્યા, અને વ્યસન મુક્તિ વગેરેના સ્ટોલ્સ ખોલવામાં આવ્યા હતા.**

## આપેલા ચિત્રમાં બતાવેલા પ્રમાણે રંગ પૂરો



| | | |
|---|---|---|
| ૧. પીળો | ૪. કેસરી | ૭. પોપટી |
| ૨. કાળો | ૫. કથ્થઈ | ૮. લીલો |
| ૩. વાદળી | ૬. લવન્ડર | ૯. ઘાટો લીલો |

## આપેલા ચિત્રોને ક્રમશ થતી પ્રક્રિયાને નંબર આપી દર્શાવો




## પોતાના પગની સાચવણ માટે કઈ આદત સારી છે તેની ઉપર (✓) ટીક કરો.



# મુજ વિતી તુજ વિતશે ધીરજ બાપુડા..

બાળ વાર્તા

એક કુટંબમાં પતિ-પત્ની તેમનો પાંચ વર્ષનો દિકરો અંશુમ અને દાદાજી સાથે રહેતા હતા. અંશુમના દાદાની ઉંમર સિત્તેર કરતા વધારે હતી. તેમને આંખોથી ઓછુ દેખાતું હતું. કાને ઓછુ સંભળાતું હતું. અંશુમ તેના દાદાનો પ્રિય પૌત્ર હતો. અંશુમ માટે પણ દાદાજી એક વડીલ કરતા દોસ્ત વધારે હતા. જ્યારે પણ અંશુમને મુશ્કેલી આવતી તો તે તેની મુશ્કેલી તેના દાદા સાથે જ શેર કરતો હતો. ધીરે ધીરે દાદાજીની ઉંમર વધવા લાગી. અશક્તીને કારણે ઘણીવાર ડાયનિંગ ટેબલ પર જમતા જમતા તેમના હાથમાંથી ગ્લાસ કે વાટકો છુટીને જમીન પર પછડાતા તુટી જતો. આ બાબતને લઈને અંશુમની મમ્મી તેના દાદાજી પર વારંવાર ગુસ્સો કરતી. કોઈવાર ગુસ્સો એટલો પ્રબળ હોય કે તેના દાદાની આંખોમાંથી આંસુ નિકળી આવતા. તેના મમ્મી પપ્પાએ દાદાજી માટે એક ખાસ લાકડાનો વાટકો અને ટેબલ બનાવડાવ્યુ. જેને રૂમના ખુણામાં મુકવામાં આવ્યું. દાદાજીએ દરરોજો લાકડાના વાટકમાં લાકડાના ટેબલ પર જમવાનું, જેથી કોઈ વાસણનું નુકસાન ન થાય. આ તમામ બાબતો અંશુમ જોતો. તેને મનમાં બહું દુઃખ થતું. પરંતુ તે મમ્મી- પપ્પાની સામે કંઈ બોલી નહોતો શકતો. અંસુમે પોતાના પેરેન્ટ્સને દાદાજીના દુઃખનો અનુભવ કરાવવા એક તરકીબ અપનાવી.

એક દિવસ અંશુમ સ્કૂલથી આવીને હોમવર્ક પુરી કરીને લાકડામાંથી કંઈક વસ્તુ બનાવવા માંડ્યો. તેના મમ્મી પુછવા લાગ્યા કે તે શું કરી રહ્યો છે. શરૂઆતમાં પેરેન્ટ્સને લાગ્યું કે તે સ્કૂલનો પ્રોજેક્ટ કરે છે. પરંતુ વધારે પુછતા અંશુમે કહ્યું કે તે તેમના માટે માટીના વાસણો બનાવે છે. જેથી જ્યારે તેઓ ઘરડા થાય ત્યારે તેઓ પણ આ લાકડાના વાસણમાં જમે. આ સાંભળીને અંશુમના માતા પિતાને તેમના દાદાજીની લાગણી સમજાઈ. આમ એક બાળકે પોતાના માતા પિતાને પણ પોતાની બુદ્ધીથી સમજાવી દીધા.



## સરખા દેખાતા બે ચિત્રમાંથી દસ તફાવત શોધો



## ચાલો ચકલી દોરતા શીખીએ.



## નીચે આપેલી લાગણીઓના નામ શોધો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભ | ય | લો | ગ | જ | ગૌ | ની | જા | નો | ળ | તિ |
| લા | ભ | વ | ર | ર | ફા | બા | વ | પા | ર | રો |
| તા | ઝ | ડ | વ | ચી | આ | ઈ | ભી | સ્કા | ક | ના |
| ગ | ઢો | ચી | મ | થ | શ્ચ | ન | ર | ના | રો | ચ |
| ગુ | સ્સો | ગુ | લા | ર | ર્ય | તુ | ટો | ચિ | રુ | અ |
| ધી | માં | દ | ચા | અ | જ | મ | સુ | ખ | રે | ન |
| ના | લે | ગા | ની | ક | ન | તા | બ | ડે | પ્રે | મ |
| મ | આ | બો | બા | ળા | ક | રી | ના | સી | ર | નો |
| છો | ડો | શ | ર | મ | મા | સી | રા | યા | માં | રં |
| હી | ન | ર | ભૂ | ણ | મી | દા | ક | રો | સી | જ |
| ગ | ખ | ત | હા | ન | ર | ઉ | ત્સા | હ | ડા | ન |

| | |
|---|---|
| ૧. મનોરંજન | ૮. સુખ |
| ૨. ગુસ્સો | ૯. પ્રેમ |
| ૩. તિરસ્કાર | ૧૦. ગૌરવ |
| ૪. અરુચિ | ૧૧. ઉદાસી |
| ૫. અકળામણ | ૧૨. શરમ |
| ૬. ભય | ૧૩. આશ્ચર્યજનક |
| ૭. ઉત્સાહ | |

## આપેલા પ્રાણીઓને તેના ઘર સાથે જોડો.



## આપેલા ચિત્રોને તેમના રોજિંદા વ્યવસાયમાં વપરાતી વસ્તુઓ સાથે જોડો.





**પ્રો. રામજી સાવલિયા**
પૂર્વ નિયામક ભો.જે.
વિદ્યાભવન, અમદાવાદ



# મહારાણી ઉદયમતીની રાણીવાવ

સામર્થ્ય અને સમૃદ્ધિ, વિદ્યા અને રસિકતાનો પ્રદેશ એટલે ગુજરાત. ૫મી થી ૧૩મી સદી દરમિયાન આ પૂણ્યભૂમિમાં અનેક કિર્તિગાથાઓ રચાઇ છે. આ ભાગ્યશાળી ભૂમિએ વીરતા, ગર્જના, સામર્થ્ય અને વ્યવસ્થાશક્તિ, નૈતિક શાસ્ત્ર, ઔદાર્ય અને મુત્સદ્દીગીરીનાં દર્શન કર્યા છે. નૃત્ય, ગીત, રસ અને ઉલ્લાસથી એની દિશાઓ ગાજતી. અદ્‌ભુત સ્થાપત્યોએ ગુજરાતની કીર્તિને સૌદર્યના સત્વ સમાન બનાવી દીધી. ધાર્મિક સંસ્કારો, ધર્મની કૃતિઓ, ઉર્મિકથનો, કવિઓનો કાવ્યસમૃદ્ધિએ એને સંસ્કારી છે. આ બધામાં આ ધરતીનાં સંતો અને દેવસ્થાનકો તથા ભવ્ય અને કલા-સૌદર્યના બેનમૂન સ્થાપત્યોએ તેને અસ્મિતા આપી છે.

આ બધુ નજર સમક્ષ હોવા થતાં અલ્પશ્રદ્ધામાં આનંદ માણતા કેટલાક પ્રાંતિક અસ્મિતાની અવગણના કરે છે. તેઓ માને છે કે આ અસ્મિતા રાષ્ટ્રીયતાની આડે આવે છે. પણ પરદેશી ધોરણો આ રાષ્ટ્રને લગાડવાની ઉતાવળમાં આમ માનનારા આપણો ઇતિહાસ, આપણા સંયોગો અને આપણી પરિસ્થિતિએ પેદા કરેલાં કેટલાક સત્યો વીસરી જાય છે.સૈકાઓથી પ્રાંતિક સમાજ, સાહિત્ય. સંસ્કારો, કલાઓ, પરંપરાઓ ચાલ્યાં આવ્યાં છે. અને દરેક પ્રાંતની સંસ્કૃતિએ લાક્ષણિક સ્વરૂપ લઇ પોતાની આગવી અસ્મિતા પ્રગટાવી છે. છતાં રાષ્ટ્રના પ્રબળ આત્માએ આ બધા પ્રાંતોના જીવન અને સંસ્કારોમાં એવી એકતા આણી છે કે વૈવિધ્યપૂર્ણ દેખાતા પ્રાંતો પર રાષ્ટ્રીયતાની નિશ્ચલછાપ પાડી છે. અને તેથી પ્રાંતિક અસ્મિતામજબૂત થતાં રાષ્ટ્રીયતાનો વિકાસ અટકકવાનો નથી. ઉલટું એમ કહી શકાય કે જેમ જેમ પ્રાંતિક અસ્મિતા વધશે તેમ તેમ રાષ્ટ્રીયતાનો વિકાસ થશે અને તેની ખુશ્બુ ચોમેર ફેલાશે.

ગુજરાતની પોતાની એક આગવી પ્રાંતિક અસ્મિતા છે. જેમાં તેના અડીખમ ઉભેલા કલા-સૌદર્યનાં અનુપમ સ્થાપત્યો રાષ્ટ્ર અને વિશ્વસ્તરે પોતાની ઓળખ જાળવી રહ્યાં છે. આ સર્વમાં ગુજરાતનાં પ્રાચીન તળાવ, વાવ અને કુંડોનું શિલ્પ સ્થાપત્ય ગૌરવ અપાવે છે. જેમાં ગુજરાતનું ગૌરવ અને વિશ્વનાં બેનમૂન સ્થાપત્યોની યાદીમાં સ્થાન પામનાર પાટણની 'રાણીવાવ' નામે વિશ્વપ્રસિદ્ધ પ્રાચીન વાવ કર્ણદિવના સમયમાં માતા રાણી ઉદયમતીએ પતિ ભીમદેવ ૧લાના પરમાર્થે બંધાવી હતી.

ગુજરાતની પ્રસિદ્ધ પ્રાચીન રાજધાની અણહિલવાડ પાટણ ચાવડા સોલંકી અને વાઘેલાઓનું રાજકીય અને સાંસ્કૃતિક મથક રહ્યું હતું પાટણ એ ગુર્જરોશ્વરોની રાજધાની ઉપરાંત જ્ઞાનપિપાસુ વિદ્વાનોની કર્મભૂમિ પણ હતી અને તે વિદ્યાનું અને કલાનું શ્રેષ્ઠ ધામ પણ હતું.

પાટણએ ગુજરાતની રાજધાની રહ્યું હોવાથી ત્યાં અનેક પ્રવૃત્તિઓનો વિકાસ થયેલો. સોલંકીયુગ એ ગુજરાતની કલાઓન । વિકાસનો સુવર્ણયુગ ગણાયો હતો. સમૃદ્ધિની રેલમછેલથી છલકાતા ગુજરાતમાં તે વખતે કલા અને કલાકારનું આગવુ સ્થાન હતું. એ સમયનાં અભૂતપૂર્વ કલા-કોતરણીનાં સ્થાપત્યો આજે પણ એ સુવર્ણયુગની કલા-ભાવનાનાં સાક્ષી બનીને સૌ કોઇને આકર્ષે છે. ગુજરાતમાં પથ્થરની જે સુંદર અને અલંકૃત વાવો રહી છે. તેમાં સૌથી પ્રાચીન વાવ કર્ણદિવના સમયમાં તેની માતા રાણી ઉદયમતીએ બંધાવેલ રાણકીવાવ છે. આ વાવ ચૌલુક્ય રાજા ભીમદેવ ૧લા (ઇ.સ. ૧૦૨૨ થી ૧૦૬૪)ની પત્ની રાણી ઉદયમતીએ બંધાવી હોવાનો ઉલ્લેખ 'પ્રબંધચિંતામણિ'માં આવે છે. ઉદયમતી સોરઠના ચુડાસમા રાજા ખેંગારની પુત્રી હતી. રાણી ઉદયમતી સંસ્કારશીલ, લાગણીશીલ અને કલાપ્રેમી તથા ધાર્મિકવૃત્તિની હતી. જેનો ખ્યાલ આ વાવનું સ્થાપત્ય અને શિલ્પ-સમૃદ્ધિ જોતાં આવે છે. ઇ.સ. ૧૯૮૬માં ભારત સરકારના પુરાતત્વ ખાતા તરફથી ખોદકામ-સમારકામ કરવામાં આવ્યું. એમાથી રાણી ઉદયમતીની સુંદર પ્રતિમા પણ મળી આવી છે. અહીંથી મળેલ શિલ્પાવશેષ સમૃદ્ધિ પરથી એ ગુજરાતની સર્વોત્તમ કોતરણીવાળી વાવ હોવાનું માલૂમ પડે છે. આ વાવ જૂન ૨૦૧૪માં વિશ્વવિરાસતની યાદીમાં સ્થાન પામી. ગુજરાતની અસ્મિતાને વિશ્વકક્ષાએ ઉજાળી રહી છે. આ વાવનું બાંધકામ પૂર્વ-પશ્ચિમ થયેલુ છે. વાવનું પ્રવેશદ્વાર પૂર્વ તરફ અને કુંડ (કૂવો) પશ્ચિમે આવેલો છે. મૂળમાં આ વાવ સાત મજલાની હતી. શિલ્પશાસ્ત્રનાં ગ્રંથોમાં આપેલા વાવનાં પ્રકારો જોતા આ વાવને 'નંદા પ્રકાર' ગણવી જોઇએ. હાલમાં પ્રવેશ બંને બાજુની દિવાલો, પગથિયાં , થોડા મંડપ, કૂવાની પાછલી દિવાલ અને પાંચ મજલા જળવાયાં છે. દિવાલમાં સાત પડથાર છે. નીચેથી ઉપર તરફ જોતાં છ મજલા સુધી દિવાલમાં શિલ્પો જળવાયાં છે. પ્રથમ મજલો તૂટી પડ્યો છે. આ વાવ ૬૫ મીટર લાંબી અને ૨૦ મીટર પહોળી છે. કૂવાનો ભાગ ૨૮ મીટર ઉંડો છે.

> **૧૯મી નવેમ્બર -૨૦૧૫એ પાટણની રાણીની વાવનો વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ કરાયો છે**

૧૧મી સદીના ગુજરાતનાં લોકજીવનના ઉચ્ચતમ કલા-સંસ્કારો અને સૌદર્યનિષ્ઠાની આ વાવ હૂબહૂ ઘોતક છે. અહી પથ્થરોમાં કલા-સૌદર્યની કંડારાયેલી કવિતા છે. સુંદર અને રમણીય ભાવાવેશ અભિવ્યક્ત કરતા આ પથ્થરો પણ ગરવા ગુજરાતીઓની સૌદર્ય ઝંખના અને મનુષ્યની કલામાત્રાનાં જીવંત પ્રતીકો છે. જ્યારે ૧૧મા સૈકામાં આ વાવ બંધાતી હશેત્યારે શિલ્પકલાના પારંગતો દ્વારા પથ્થર પર થતા સંયમિત પ્રહારોથી, ટાંકણાના ગૂંજનથી આ વાવ છલકતી મહકતી હશે. આ વાવ કલારસિકો અને સૌદર્યના જિજ્ઞાસુઓ માટેનું એક નયનરમ્ય કલાધામ છે. આ વાવનાં શિલ્પોમાં ચૈતન્યનો ધબકાર છે. સુડોળ અંગો અને તે અંગલયથી સર્જાતા કમનીય અંગવળાંકો એ સુંદરતાને વધુ સુરેખ કરી આપે છે. કોમળતાને પ્રસ્થાપિત કરનારા પથ્થરોમાં પણ એ સમયની ગુજરાતની કલા-કૌશલ્યપૂર્ણ જીવનશૈલીનું અહી ઉજ્જવળ પ્રતિબિંબ પડે છે. અહીના નારી-શિલ્પો લાવણ્ય, લજ્જાભર્યા અંગમરોડ અને અનુપમ દૈહલાલિત્યથી શોભી રહ્યાં છે.

આ વાવની વિપુલ શિલ્પસમૃદ્ધિમાં શૈવ, વૈષ્ણવ, શક્તિ-સંપ્રદાયને લગતાં અનેક શિલ્પો જોવા મળે છે. શૈવ સંપ્રદાયનાં શિલ્પોમાં શિવ, તેના યુગલ સ્વરૂપ, ઇશાન સ્વરૂપ, ગણેશ અને પરિવારના દેવતાઓનાં શિલ્પો છે.

વૈષ્ણવ સંપ્રદાયના વાવના પડથારમાં સળંગ પેનલમાં વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપની પ્રતિમાઓ, દશાવતાર પૈકી વરાહની શાસ્ત્રોક્ત વિધાનવાળી પ્રતિમા, વામનજીની આકર્ષક મૂર્તિ, રામ, બલરામ, બુદ્ધ અને કલકી અવતારની ઘોડેસવાર પ્રતિમા અનેરૂ આકર્ષણ ઉભુ કરે છે. ઉપરાંત મહાલક્ષ્મીની સ્વતંત્ર સુંદર પ્રતિમા સાથે ઉત્કૃષ્ટ શિલ્પો કંડારેલાં છે.

શક્તિ સંપ્રદાય કે દેવી પ્રતિમાઓમાં લક્ષ્મી, પાર્વતી, સરસ્વતી, સપ્તમાતૃકાઓ, ચામુંડા તથા દુર્ગાનાં વિવિધ સ્વરૂપો અનેક તંત્રગ્રંથોને આધારે ઘડાયેલા અને શિલ્પો છે. અહી ગૌરીનાં બાર સ્વરૂપો ઉપરાંત પાર્વતી તથા પંચાગ્નિ તપ તપતાં પાર્વતી અને એક પગે ઉભાં રહી કૌપિન ધારણ કરેલ ઉમાનાં અનુપમ શિલ્પોનું પ્રાધાન્ય જોઇ શકાય છે. ૨૦ હાથવાળાં મહર્ષિમર્દિની અને ભૈરવનાં શિલ્પો ગ્રંથોમાં આપાલાં વર્ણનને આધારે ઘડાયેલા જણાય છે. બ્રહ્મા, સૂર્ય દિક્પાલનાં શિલ્પો મનોહર છે. મહાલક્ષ્મી, વિશ્વરૂપ વિષ્ણુની પ્રતિમા તથા તાંત્રિક દેવી અને યોગિનીઓ તથા સપ્તમાતૃકાઓ તથા હનુમાનજીનાં શિલ્પો છે.

વાવના કૂવાની દિવાલોમાં દેવ-દેવીઓનાં શિલ્પો તથા શેષશાયી વિષ્ણુનું ઉત્કૃષ્ટ શિલ્પ પ્રવાસીઓને દિગ્મૂઢ બનાવી દે છે. કૂવાની દિવાલોમાં દેવ-દેવીઓનાં શિલ્પો છે. નૃત્યના આરંભ પૂર્વે પગમાં ઝાંઝર બાંધતી સ્ત્રીની શૃંગાર-મુગ્ધતા અને નિર્દભ અભિમાનનું આકર્ષણ તરત જ આગંતુકની આંખને અનિમેષ કરી દે છે. સ્નાન કરી બહાર આવતી નારીની લહેરાતી કેશલતામાંથી ટપકતાં જલબિંદુઓને મોતી સમજી હંસ પોતાના મોઢામાં ઝીલે છે. પોતાના આ દ્રશ્યને નિહાળીને સ્તબ્ધ થયેલ યૌવના પ્રવાસી દર્શકોને પણ સ્તબ્ધ બનાવી દે છે. ઉપરાંત પત્રલેખિની, દર્પણકન્યા, અંજનશલાકાથી આંખમાં સૂરમો આંજતી યૌવનાઓની કૌમાર્યપૂર્ણ દેહલતા અને પ્રસન્ન મુખભાવ દ્વારા સ્ત્રી-પુરૂષની ચાલી આવતી સંસારયાત્રાના આ વાવમાં પડઘા સંભળાય છે.

વાવના સ્તંભો અને દિવાલોમાં વેદમાં બતાવેલ સ્વસ્તિક, પૂર્ણ, કુંભ, અમરવેલ, કીર્તિમુખ અને કલ્પવૃક્ષનું અંકન તેમજ રામાયણ, મહાભારતનાં કથા પ્રસંગોનાં શિલ્પો, ઉપરાંત લોકજીવનનાં શિલ્પોનું બારીકાઇથી કરેલું કાતરકામ સિદ્ધહસ્ત કલાકારની સિદ્ધિનું સોપાન જણાય છે. ખરેખર આ રામકીવાવ પથ્થરમાં કંડારેલુ કલા-સૌદર્યનું મહાકાવ્ય છે.

## આ મહિનાના મહત્વના દિવસે

**૨૨, એપ્રિલ અર્થ ડે** પર્યાવરણ પ્રત્યે જાગ્રતીને લઇને વિશ્વના ૧૯૨ દેશોમાં અર્થ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ સમયે ઉત્તર ગોળાર્ધમાં વસંત ઋતુ હોય છે, જ્યારે દક્ષીણ ગોળાર્ધમાં શરદની સિઝન હોય છે.

**૧૧, મે, નેશનલ ટેકનોલોજી ડે**
પોખરણમાં થયેલા પરમાણુ પરીક્ષણની યાદમાં ૧૧ મેના દિવસને નેશનલ ટેકનોલોજી દિન તરીકે મનાવાવમાં આવે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી કઇ રીતે સામાન્ય માણસની પણ જીંદગી બદલાઇ શકે છે તે બાબથી લોકો માહિતગાર થાય તે આ દિવસનો મુખ્ય ઉદ્દશ્ય છે.

**૧૨ મે, મધર્સ ડે**
મધર્સ ડેની ઉજવણીની શરૂઆત વેસ્ટ વર્જિનિયામાં એના જાર્વિસ દ્વારા કરવામાં આવી હતી. ખાસ કરીને પરીવાર ભાવનાને પ્રબળ બનાવવા માટે આ દિવસની ઉજવણી કરવાની શરૂઆથ્ત કરાઇ હતી.

## ડિસ્ટ્રિક્ટ ટેકવાન્ડો ટૂર્નામેન્ટમાં સિટીના ખેલાડીઓને ૧૫ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૧૦ બ્રોન્ઝ મેડલ



હાલમાં સિટીમાં યોજાયેલી ૨જી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ચેમ્પિયનશિપ-૨૦૧૯ સેફ્રેડ ફ્લવાર સ્કૂલમાં યોજાઇ હતી. આ ટૂર્નામેન્ટમાં સિટીની ખેવના ત્રિવેદી, આર્યા સોરઠિયા, આર્યા પટેલ, તનિષ્ક પંચાલ, આરાધ્યા, વિશ્વાસ, કેવલ ભોઇ, ભવ્ય ભોઇ, નૈતિક દાવડા, મનોજ, બંસરી શાહ, જૈનમ પંચાલ, અનીલ રાઠોડ, કુલદીપ ચૌહાણ, હર્ષિતા આહિર, અફસિતા આહિરે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આ ઉપરાંત વીર પટેલ, મિસ્ત્રી વીર, ધૈર્ય પટેલ, તનિષ્કા પરાશર, નિહાર ગજ્જર, અજય તિવારી, માહિર પંચાલ, સત્યમ પાંડે, દેવિક સોલંકી, પ્રાન્સી બારોટે સિલ્વર મેડલ મેળવ્યો છે. પ્રાચી પટેલ, મીત પટેલ, આન્સી વાઘેલા, પ્રવીર પરાશર, ભાવિક કોષ્ટી, હેત કવૈયા, બિમલ ગાહા, ઋત્વિક પરમાર, હાર્દિક આહિર, દિપક શર્માએ બ્રોન્જ મેડલ મેળવ્યો છે.

# સાઇકલોથોનમાં સિમરનજીત, અર્પિતા અને આસ્તાદ વિજેતા

સિટીના રીવરફ્રન્ટ ખાતે યોજાયેલી સાયકલોથોનની ઇન્ડિવીજ્યુઅલ ટાઇમ ટ્રાયલ રેસમાં સિટીની અર્પિતા પંડ્યા મહિલા કેટેગરીમાં, પુરુષ કેટેગરીમાં સિમરનજીત સિંહા અને ૪૦ વર્ષથી ઉપરની ઉંમરની કેટેગરીમાં આસ્તાદ પાલખીવાલા વિજેતા બન્યો હતો. સાયકલોથોન અમદાવાદ ૨૦૧૯ પહેલાં ઇન્ડિવીજ્યુઅલ ટાઇમ ટ્રાયલ રેસ યોજાઇ હતી. આ ૧૧ કિલોમીટરની રેસમાં ૧૦૦થી વધારે પ્રોફેશન સાયકલિસ્ટે ભાગ લીધો હતો. આ ટાઇમ ટ્રાયલમાં ફ્લેગ ઓફ પછી દરેક ખેલાડીને ૯૦ સેકન્ડ બાદ સ્ટાર્ટ લેવાનો હોય છે અને જે ઝડપી રેસ પુરી કરે તે વિજેતા બને છે. વિમેનની ૧૫-૩૯ વર્ષની કેટેગરીમાં ૧૭ મિનિટ અને ૩૫ સેકન્ડમાં રેસ પુરી કરી અર્પિતા પંડ્યા પ્રથમ આવી, જ્યારે સોનલ સિંઘ ૧૮ મિનિટ અને ૧ સેકન્ડમાં રેસ પુરી કરી બીજા ક્રમે અને ૧૮ મિનિટ અને સેકન્ડમાં રેસ પુરી કરી શ્રેયા મિસ્ત્રી ત્રીજા ક્રમે આવી હતી. મહિલાઓની ૪૦ વર્ષથી ઉપરની કેટેગરીમાં અંજલી ભાલિન્ગે, જાગૃતિ કુમારી, મિનાક્ષી ઠાકુર અનુક્રમે એક થી ત્રણમાં આવી હતી. પુરુષોના વર્ગમાં સિમરનજીત સિંહા ૧૪ મિનિટ-૧૨ સેકન્ડમાં પૂર્ણ કરી પ્રથમ ક્રમે આવ્યા, જ્યારે મંયક ત્રિપાઠી અને અભિષેક મલિક બીજા અને ત્રીજા ક્રમે આવ્યો હતો. પુરુષ કેટેગરીની ૪૦ વર્ષથી વધુની કેટેગરીમાં આસ્તાદ પાલખીવાલા, રાજેન્દ્ર સોની અને મહેન્દ્ર આહિર અનુક્રમે એકથી ત્રણમાં આવ્યા હતા.




## વોલિબોલમાં વેરિયર્સ અને કબડ્ડીમાં પંચતીર્થ લાયનની ટીમ વિજેતા બની



હાલમાં સિટીના નિકોલ વિસ્તારમાં આવેલાં પંચતીર્થ વિદ્યાલય ખાતે ઇન્ટર ક્લાસ વોલિબોલ અને કબડ્ડી ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કબડ્ડી ટૂર્નામેન્ટમાં 'પંચતીર્થ લાયન'ની ટીમ વિજેતા બની હતી, જ્યારે વોલિબોલમાં 'પંચતીર્થ વોરિયર' ટીમ વિજેતા થઇ હતી.

## સિવિલ સર્વિસ વોલિબોલ ટુર્ના.માં સિટીની ટીમ ચેમ્પિયન



હાલમાં ચંદીગઢ ખાતે યોજાયેલી ઓલ ઇન્ડિયા સિવીલ સર્વિસ વોલીબોલ ટુર્નામેન્ટમાં રીજઓનલ સ્પોર્ટ્સ બોર્ડ (આરએસબી) અમદાવાદની ટીમ વિજેતા બની છે. અમદાવાદની ટીમે ફાઇનલમાં બેંગ્લોરની ટીમને ૩-૦થી હરાવીને ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની હતી. આરએસબી અમદાવાદની ટીમે સેમિફાઇનલમાં એનસીટી દિલ્હીની ટીમને ૩-૦થી હરાવી હતી. જ્યારે ક્વાર્ટર ફાઇનલમાં ચંદીગઢની ટીમને ૩-૦થી હરાવી હતી. પહેલાં ગ્રુપની મેચમાં અમદાવાદની ટીમે રાંચીને ૨-૦થી, મુંબઇને ૨-૦થી અને જયપુરની ટીમને ૨-૦થી હરાવીને ક્વોર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

## અશોક ભટ્ટ ચેસ ટુર્નામેન્ટમાં ભ્રુચ માનીન ૧૧માં ક્રમે



ગુજરાત સ્ટેટ ચેસ એસોશીએશન અને શારદા સેવા ટ્રસ્ટનાં ઉપક્રમે યોજાયેલી અશોકભટ્ટ ચેસ ટુર્નામેન્ટમાં 'ડિવાઇન લાઇફ સ્કૂલ' વાસણાના વિદ્યાર્થી ભ્રુચ માનીન જ્વલંતભાઇ ૧૧માં ક્રમ મેળવી શાળાનું નામ રોશન કરલે છે.

# અજ્ઞાનતા દુશ્મન નથી, પરંતુ તમને બધુ જ આવડે છે એ સમજ જ તમારો સૌથી મોટો દુશ્મન છેઃ સ્ટીફન હોકિંગ

પોતાની જીંદગીના ૫૩ વર્ષ વ્હીલચેર પર પસાર કરનારા સ્ટીફન હોકિંગના મૃત્યુને ૧૪ માચર્ના રોજ એક વર્ષ પુરુ થયું. અડગ મનના મુસાફીરને કોઇ મુશ્કેલી નડતી નથી આ વાક્યને સ્ટીફન હોકિંગે પોતાની જીંદગીમાં સાર્થક કરી બતાવ્યું. પોતે ચાલી શકે તેવી સ્થિતીમાં ન હતા, તેઓ જાણતા હતા કે દરેક ઉગતો સુરજ તેમની જીંદગીનો એક હિસ્સો લઇ જાય છે. તેમનું શરીર દરરોજ વધારેને વધારે કામ કરતું બંધ થઇ રહ્યું છે, શરીરના અંગો તેમનો સાથ છોડી રહ્યાં છે. છતા તેમનું સપનું હતું કે પોતે વૈજ્ઞાનિક થવું છે. આજે વિશ્વમાં તેઓને બ્રહ્માંડના નિયમોના શોધક વૈજ્ઞાનિક અને સારા લેખક તરીકે ગણવામાં આવે છે.

સ્ટીફન વિલિયમ હોકિંગનો જન્મ ઇંગ્લેંડના કેમ્બ્રીજમાં ૮ જાન્યુઆરી, ૧૯૪૨માં થયો હતો. સ્ટીફનનો જ્યારે જન્મ થયો ત્યારે બીજુ વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું. સ્ટીફનના પિતા આરોગ્ય રીસર્ચ પર કામ કરતા હતા. એટલે નવી બાબતોનું સંશોધન કરવાના ગુણો તેમને લોહીમાં જ મળેલા હતા. સ્ટીફનનો પ્રાથમિક અભ્યાસ સેંટ અલ્બાનની સ્કૂલમાં પસાર થયો. ત્યારબાદ તેઓ ઓક્સફોર્ડ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ માટે દાખલ થયા.

એવું કહેવામાં આવે છે કે સ્ટીફનને નાનપણથી જ ગણીત વિષયમાં ખુબ જ રસ હતો. પરંતુ તે સમયે ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં ગણીતનો વિષય ન હોવાથી તેમણે ભૌતિક વિજ્ઞાનના વિષયને પસંદ કર્યો. ત્યારબાદ તેઓએ પોતાનો આગળનો અભ્યાસ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી પુરો કર્યો.



**૧૪ માર્ચ – ૨૦૧૯ દિવસે સ્ટીફન હોકિંગના મૃત્યુને એક વર્ષ પૂર્ણ થયું**

૧૯૬૨માં તેઓએ આ જ યુનિવર્સિટીથી બ્રહ્માંડ વિજ્ઞાન પર રીસર્ચ કર્યુ.

## ૨૧ વર્ષની ઉંમરે ક્યારેય ઇલાજ ન થઇ શકે તેવી બિમારી લાગુ પડી

સ્ટીફન સામાન્ય લોકોની માફક જ જીવન જીવતા હતા. પરંતુ અચાનક એક દિવસ તેમની તબિયત ખરાબ થઇ. ત્યારે તેમની ઉંમર માત્ર ૨૧ વર્ષની હતી. ડોક્ટરે જણાવ્યું કે સ્ટીફનને ક્યારેય ઇલાજ ન થઇ શકે તેવી ઇમિયોટ્રોફિક લેટરલ સ્ક્લેરોસીસ બિમારી લાગુ પડી છે. આ બિમારીને કારણે શરીરનો ભાગ ધીરે ધીરે કામ કરવાનું બંધ કરી દે છે, એટલે તે અંગ શરીર સાથે હોય કે ન હોય કામ કરવામાં કોઇ ઉપયોગી રહેતું નથી. સાથે જ આ બિમારીનો કોઇ ઇલાજ પણ નથી. શરીરની માંસપેશી ધીરે ધીરે કામ કરતી બંધ થતી જાય છે અને તેની અસર એક સમયે સીધી જ મગજદ પર થાય છે. સ્ટીફનને જ્યારે પોતાની આ બિમારી વિશે જાણ થઇ ત્યારે તે કેમ્બ્રિજમાં પોતાનું રિસર્ચ કામ કરી રહ્યાં હતા. તેમણે પોતાની બિમારીને ક્યારેય પોતાના સપના વચ્ચે નથી આવવા દીધી. પોતાની બિમારીને લઇને ક્યારેય હતાશ કે હારીને બેસી નહોતા ગયા. તેઓ સતત પોતાની બિમારી સાથે અને પોતાના ધ્યેયને હાંસીલ કરવા માટે સતત ઝઝુમતા રહ્યાં. બિમાર હોવા છતા પણ તેઓએ પીએચડીની ડિગ્રી મેળવી. તેમણે બ્રહ્માંની ઉત્પત્તી અને સમય પર ખુબ જ રિચર્સ કર્યું. સ્ટીફને પોતાની જીંદગીમાં બે લગ્ન કર્યા અને તેમના ત્રણ બાળકો છે. સ્ટીફન હોકિંગને અલગ અલગ દેશો અને યુનિવર્સિટી દ્વારા ૧૩ માનદ ડિગ્રી અને વિવિધ એવોર્ડ આપવામાં આવ્યા.

## રીસર્ચ અને ઇનોવેશન

પ્રોફેસર સ્ટીફન હોકિંગે બ્રહ્માંડને નિયંત્રીત કરનારી શક્તિ અને પાયાના સિધ્ધાંતો પર કામ કર્યુ હતું. પોતાના સાથી રોજર પેનરોસ સાથે મળીને એક સંસોધન કર્યુ અને દુનિયાને જણાવ્યું કે અંતરીક્ષ અને સમય, બ્રહ્માંડના જન્મ સાથે શરુ થયા અને બ્લેકહોલની અંદર સમાપ્ત થશે. સાથે જ તેમણે આઇસ્ટીનની થીયરી ઓફ રિલેટીવીટી અને ક્વાંટમનો ઉપયોગ કરીને એ પણ જણાવ્યું કે બ્લેક હોલ શાંત નથી, તેમાંથી સતત વિકિરણો નિકળી રહ્યાં છે. સાથે જ તેમણે પોતાની થીયરી પ્રમાણે એ પણ જણાવ્યું કે બ્રહ્માંડની કોઇ સીમા નથી અને વિજ્ઞાનની મદદથી એ પણ જાણી શકાય છે કે બ્રાહ્માંડની ઉત્પત્તી ક્યારે થઇ હતી અને કેવી રીતે થઇ હતી. બ્રહ્માડની ઉત્પત્તી સમયે ક્યાં પ્રકારની ઘટના બની હતી. બ્રહ્માંડની ઉત્પત્તીના સમયગાળામાં આપણે પંહોચી શકીએ છીએ. સ્ટીફન દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તી, બિગ બેંગ અને બ્લેક હોલ આધારીત અ બ્રીફ હિસ્ટ્રી ઓફ ટાઇમ બુક લખી હતી. ૧૯૮૮માં પ્રકાશીત થયેલી બુકનું ભાષાંતર ૪૦ ભાષાઓમાં કરવામાં આવ્યું હતું. આજે પણ આ બુકનો બેસ્ટ સેલર બુકમાં સમાવેશ થાય છે. આજે પણ તજજ્ઞો માટે સ્ટીફને લખેલી બુક બ્રહ્માંડની ઉત્પત્તી માટે રેફરન્સ બુક તરીકે સૌથી ઉપયોગી ગણવામાં આવે છે.

### સ્ટીફનના જીંદગી જીવવના સુત્રો

- જીવન દુર્ભાગ્યપુર્ણ હોત જો તેમાં કંઇક અલગ અને રોમાંચ ન હોત.
- જો તમે હંમેશા નારાજ રહેશો અને બીજાને કોસતા રહેશો તો કોઇની પાસે તમારા માટે સમય નહીં હોય
- મારા જીવનનો ધ્યેય સાવ સરળ છે, અને એ ધ્યેય બ્રહ્માંડ ને સમજવાનો છે. મારે એ સમજવાનું છે આ આવી રીતે કેમ છે અને કેવી રીતે થયું છે
- અજ્ઞાનતા દુશ્મન નથી, પરંતુ તમને બધુ જ આવડે છે એ સમજ જ તમારો સૌથી મોટો દુશ્મન છે.

# નીટ માટે પાઠ્યપુસ્તકને મહત્વ આપો

આ વર્ષે નીટની પરીક્ષા CBSE નહીં પરંતુ નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવાશે




સરકાર દ્વારા મેડિકલ માટે સમગ્ર દેશમાં એક જ પરીક્ષા પેટર્ન રહે તે માટે નીટની પરીક્ષા કેન્દ્રીય ધોરણે લેવાની શરૂઆત કરી છે. સમગ્ર દેશમાં ૫, મેના રોજ ધ નેશનલ એલિજીબ્લિટી કમ એન્ટ્રેન્સ ટેસ્ટ (નીટ)ની પરીક્ષા યોજાશે. આ માટે ૨૦ નવેમ્બરે ફોર્મ પણ ભરાઇ ચુક્યાં છે. પરીક્ષાના પરીણામની તારીખ પણ ૫, જુન જાહેર કરવામાં આવી ચુકી છે. ત્યારે વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના દિવસો બહું ઓછા રહ્યાં છે. ડોક્ટર બનવા માંગવા વિદ્યાર્થીઓ માટે નીટની પરીક્ષામાં સારા ગુણ મેળવવા સૌથી મહત્વનું છે. આ માટે વિદ્યાર્થીઓએ માત્ર નીટની પરીક્ષાના મટીરિયલને ધ્યાનમાં રાખીને નહીં, પરંતુ ૧૧ અને ૧૨માં ધોરણના વિષયોનો પણ પુરતો અભ્યાસ કરવો. કારણ કે નીટની પરીક્ષાનો અભ્યાસક્રમ એનસીઇઆરટીના પુસ્તકો આધારીત જ રહેશે. પરીક્ષા બાદ એક અઠવાડીયામાં ઓન્સરકી પણ જાહેર કરવામાં આવશે.

મેડિકલ, ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માટે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નીટની પરીક્ષા આપવી ફરજીયાત છે. અત્યાર સુધી આ પરીક્ષા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ) દ્વારા લેવામાં આવતી હતી. પરંતુ હવેથી આ પરીક્ષા નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવામાં આવશે. પરંતુ પરીક્ષા પદ્ધતીમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરવામાં આવ્યા નથી. માત્ર પરીક્ષા એજન્સી બદલવામાં આવી છે. દર વર્ષે લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપે છે. પરંતુ પરિણામ બહું જ ઓછું જોવા મળે છે. જેથી વિદ્યાર્થીઓએ ખુબ જ મહેનત કરવી જરૂરી છે.

## ધો.૧૧થી શરુ થાય છે બેઝીક તૈયારી

જો તમે નાનપણથી જ ડોક્ટર બનવાનુ સપનું જોઇ રહ્યા હોવ તો તમારે નીટની પરીક્ષાની તૈયારી ૧૧માં ધોરણથી શરુ કરી દેવી જોઇએ. નીટની પરીક્ષા માટે ધો.૧૧નો સીલેબસ બેઝીક અને મહત્વપુર્ણ હોવાથી તેને પણ સમજવો જરુરી છે. જો તમે પાયાની બાબતોને સમજી લેશો તો નીટ માટેની તૈયારી અને પરીક્ષા તમારા માટે સરળ રહેશે. પરંતુ જો તમે ધો.૧૨માં પહોંચીને નીટની તૈયારી શરૂ કરી છે તો તમારે નીટની પરીક્ષા માટેનો પાયો પાક્કો કરવા માટે ધો.૧૧ના તમામ વિષયને ફરી વાંચવા જરૂરી રહેશે. જે બાળકો નીટની પરીક્ષા માટે ધો.૧૧ના ક્લાસમાં પણ જવાનું ટાળે છે તેમને માટે એ જાણવું મહત્વનું છે કે નીટ માટે ધો.૧૧ના વિષયોને સમજવા ખુબ જ જરૂરી છે. જો તમે ધો.૧૧ના ફિઝીક્સ, કેમેસ્ટ્રીના કોન્સેપ્ટને સમજી લેશો તો તમારા માટે નીટની પરીક્ષા ખુબ જ આસાન રહેશે. નીટની પરીક્ષામાં મોટા ભાગના પ્રશ્નો ધો.૧૧ અને ૧૨ના જ હોય છે. માટે નીટની તૈયારી ધો.૧૧થી જ થઇ જાય છે. જેની સામે ઘણા વિદ્યાર્થીઓ ધો.૧૧મા આવવાની સાથે જ સ્કૂલમાં જવાનું ઓછુ કરી દે છે. જેને કારણે ક્લાસરૂમમાં શીખવવામાં આવતી બાબતોથી તે દુર રહે છે. ક્લાસરૂમમાં જે અભ્યાસક્રમ છુટી જાય છે તેને ઘરે અથવા ક્લાસીસમાં રીકવર કરવો પડે છે. માટે નીટની તૈયારી કરતા વિદ્યાર્થીઓએ સ્કૂલને પણ પુરતું મહત્વ આપવું જોઇએ.

## મટીરીયલની પસંદગી

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેવા અને સફળતા મેળવવા માટે પરીક્ષાની વાંચન સામગ્રી સૌથી મહત્વની હોય છે. નીટની પરીક્ષાનો તમામ સિલેબસ એનસીઇઆરટીના પુસ્તકો આધારે જ હોય છે. માટે જો તમે પરીક્ષા આપી રહ્યાં છો તો ધો. ૧૧ અને ૧૨ના તમામ પુસ્તકો તમારી પાસે હોવા જોઇએ. આ ઉપરાંત તમે માર્કેટમાંથી વિવિધ પ્રકારની પ્રેક્ટીસ કરી શકાય તેવી પુસ્તકો ખરીદી શકો છો. સ્ટડી મટીરીયલની પસંદગી માટે તમે તમારા વર્ગ શિક્ષક અથવા તમારા ટ્યુશનના શિક્ષકની મદદ લઇ શકો છો. પરંતુ એક બાબત હંમેશા યાદ રાખો કે નીટની પરીક્ષાના મોટાભાગના પ્રશ્નો પાઠ્યપુસ્તક આધારીત જ હોય છે. માટે નીટની પરીક્ષા આપનારા દરેક વિદ્યાર્થીએ પહેલું મહત્વ પાઠ્યપુસ્તકને આપવું જોઇએ.

## અભ્યાસ માટે ખાસ ટાઇમ ટેબલ તૈયાર કરો

કોઇપણ પરીક્ષા માટે યોજના પુવર્કની તૈયારી તમને ઇચ્છીત સફળતા અપાવે છે. આ જ કારણે નીટની તૈયારી માટે દરેક વિષયોને ધ્યાનમાં રાખીને ખાસ સમયપત્રક તૈયાર કરો. તૈયાર કરેલા સમય પત્રકમાં કોઇપણ વિષયને ૩ કલાકથી વધારે સમય ન ફાળવશો. કારણ કે જો એક જ વિષય પાછળ વધારે સમય ફાળવશો તો બીજા વિષયો માટે સમય ઓછો રહેશે. માટે સમયની સાથે વિષયોના દિવસો પણ નક્કી કરી દો. જો તમે વર્ષની શરૂઆતથી જ નક્કી કરેલા સમયપત્રક પ્રમાણે મહેનત કરતા હોવ તો પરીક્ષાના છેલ્લા દિવસોમાં માત્ર પુનરાવર્તન માટે તમે અલગથી સમયપત્રક બનાવી શકો છો. પરંતુ આ સમય પત્રકમાં આરામને પણ પુરતું મહત્વ આપવું. જેથી શરીરની તંદુરસ્તી પર કોઇ અસર ન થાય.

## પરીક્ષા પદ્ધતી અને સિલેબસની માહિતી રાખો

જ્યારે તમે કોઇપણ પરીક્ષાનું પ્લાનિંગ કરો છો ત્યારે તમારે તે પરીક્ષાની બેઝીક માહિતીનું જ્ઞાન હોવું જોઇએ. સાથે જ સમયે સમયે થતી પરીક્ષાની દરેક બાબત વિશે અપડેટ રહેવું જ પડશે. જો તમે નીટની પરીક્ષા આપી રહ્યાં છો તો તમારી માટે પરીક્ષા પદ્ધતી અને સિલેબસને લઇને થઇ રહેલા બદલાવો વિશે સતત માહિતગાર રહેવું પડશે. આ માટે પરીક્ષાની પેટર્ન, સિલેબસ, ગુણો, તારીખ, પરીક્ષાના બાકી રહેલા દિવસો, વગેરેની માહિતી તમને યાદ હોવી જ જોઇએ.

## પ્રાયોરીટીના આધારે વિષયોના ભાગ કરો

નીટની પરીક્ષા ત્રણ વિષયો બાયોલોજી, કેમેસ્ટ્રી અને ફિઝીક્સ પર આધારીત હોય છે. આ માટે આ વિષયોને પોતાના રસ પ્રમાણે વહેંચી દો. જે વિષયોમાં તમે નબળા છો તે વિષયોને વધારે સમય આપો. કારણ કે સહેલા મુદ્દાને તમારે માત્ર પુનરાવર્તન કરવાનવી જરૂર રહેશે, જ્યારે અઘરા મુદ્દા સમજવા તમારે તેને વધારે સમય આપવો જ પડશે. જે વિષયોમાં તમને રસ નથી તેમ છતા તે વિષયો વાંચવા ખુબ જ જરૂરી છે. માટે આ અઘરા વિષયોને પણ સમજવાનો પ્રયત્ન કરો. જરૂર પડે ત્યાં ક્લાસટીચરની સાથે જો તમે ટ્યુશનમાં જતા હોવ તો ત્યાંના શિક્ષકોની પણ મદદ લો.

## જુના પેપર અને મોડલ પેપરને સોલ્વ કરો

કોઇપણ પરીક્ષામાં સફળતા માટે સૌથી મહત્વની બાબત એ છે કે છેલ્લા વર્ષોમાં લેવાયેલ પરીક્ષાના પેપરને સોલ્વ કરવા, સાથે આ વર્ષ માટે તૈયાર કરાયેલા મોડલ પેપરને પણ જરૂરથી સોલ્વ કરી લેવા. જેનાથી તમને એક આઇડિયા રહેશે કે પરીક્ષાની પેટર્ન કેવી રહે છે, કેટલા અઘરા પ્રશ્નો પુછવામાં આવે છે, સાથે જ ફાઇનલ પરીક્ષાના પેપરમાં શું બદલાવ આ વર્ષે થઇ શકે છે તેનો અંદાજ આવી શકે છે. તેનો ફાયદો તમને પરક્ષા દરમિયાન થશે. જ્યારે પરીક્ષાનું પેપર તમારા હાથમાં આવશે તો માનસીક રીતે તમે સરળતાથી પેપરની પેટર્ન અને પ્રશ્નો સમજી શકશો.

## સ્કૂલમાં અને ક્લાસીસમાં ટેસ્ટ આપતા રહો

જો તમે નીટ-૨૦૧૯માં સફળતા મેળવવા ઇચ્છો છો તો સ્કૂલ અને ક્લાસીસમાં લેવામાં આવતી તમામ ટેસ્ટની તૈયારી અત્યારથી જ શરૂ કરી દેવી જોઇએ. જો તમે ટેસ્ટ પેપર આપતા રહેશો તો તમને ફાઇનલ પરીક્ષા માટેનો આઇડિયા પણ આવશે. માટે સ્કૂલની દરેક ટેસ્ટને બહું ગંભીરતા લઇને મહેનત કરવી જોઇએ.

## ટોપર સ્ટ્રેટેજી આ રીતે તૈયાર કરો

છેલ્લા થોડા વર્ષોમાં પેપરનો અભ્યાસ કરીને તેના આધારે તમે એવા ચેપ્ટર અને યુનિટની માહિતી મેળવી શકો છો જેમાંથી વધારે સંખ્યામાં પ્રશ્નો પુછાયા હોય. ઉદાહરણ તરીકે નીટની પરીક્ષામાં બાયોલોજીના જીનેટીક્સ અને ઇવોલ્યુશન સૌથી મહત્વના યુનિટ છે. એજ રીતે ફિઝીક્સમાં કાઇનેમેટીક્સ, ઇલેક્ટ્રીસિટી અને મેગ્નેટીઝમ તો કેમેસ્ટ્રીમાં કેમિકલ બોંડિંગ, કોર્ડિનેશન કેમેસ્ટ્રી અને જનરલ ઓર્ગેનિક કેમેસ્ટ્રી ખુબ જ મહત્વ પુર્ણ છે. જો તમે આ ચેપ્ટરનોની પ્રક્ટીસ સંપુર્ણ કરી દો તો તમારી સફળતાને ચાર ચાંદ લાગી જશે.

## સિલેક્ટીવ અભ્યાસ ન કરો

નીટની પરીક્ષા દરમિયાન ક્યારેય પોતે પસંદ કર્યા હોય તેવા પસંદગીના મુદ્દાનો જ અભ્યાસ ન કરો. કારણ કે પરીક્ષામાં કોઇપણ મુદ્દા પરથી પ્રશ્ન પુછાઇ શકે છે. જો પરીક્ષા દરમિયાન કંઇ આવું થાય તો માનસીક સ્ટ્રેસ વધી શકે છે માટે દરેક મુદ્દાને વાંચવો. કોઇ મુદ્દાને ઓછુ વેઇટેજ આપીને છોડી ન દેવો. કારણ કે સફળતા માટે દરેક મુદ્દાનું જ્ઞાન હોવું જરૂરી છે.

## તૈયારી માટે ઓછી બુક્સની પસંદગી કરો

નીટની તૈયારી માટે માર્કેટમાં અલગ અલગ પબ્લિકેશનની ઘણી બુક્સ જોવા મળે છે. દરેક એક્સપર્ટ અલગ અલગ બુકને પ્રેફરન્સ આપે છે. પરંતુ તૈયારી દરમિયાન હંમેશા ઓછી સંખ્યામાં બુક્સની પસંદગી કરો. કારણ કે અલગ અલગ બુક્સને કારણે તમારુ માઇન્ડ ડાઇવર્ટ થઇ શકે છે. સાથે જ દરેક બુકની થીયરી અલગ અલગ હોવાથી તૈયારી દરમિયાન તમે પોતે પણ મુંજવણમાં અનુભવી શકો છો.

## ક્યારેય શોર્ટકટના વાપરો

પરીક્ષા દરમિયાન પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તમને લાગે છે કે બે ઓપ્શન છે અને તમે એ બે જવાબોમાં કન્ફ્યુઝન અનુભવી રહ્યાં છો તો તે પ્રશ્ન છોડી દો. કારણ કે કન્ફ્યુઝનમાં તમે ખોટો જવાબ લખીને તમારો સમય પણનો વ્યય કરી શકો છો.

## નેગેટીવ માર્કિંગથી તમારો સ્કોર તોડી શકે છે

નીટની પરીક્ષા પદ્ધતીમાં નેગેટીવ માર્કિંગનો સમાવેશ થયેલો છે. જો પરીક્ષા પદ્ધતિ પર નજર કરીએ તો ત્રણ કલાકની પરીક્ષા હોય છે. દરેક પ્રશ્ન માટે એક મિનિટનો સમય ફાળવવામાં આવે છે. દરેક પ્રશ્નપત્રને સોલ્વ કરવા માટે ૪૫ મિનિટનો સમય આપવામાં આવે છે. જ્યારે પણ વિદ્યાર્થીને જવાબમાં કન્ફ્યુઝન રહે તો તે જવાબ આપતા બચવું જોઇએ. કારણ કે નેગેટીવ માર્કિંગ તમારા સ્કોરને તોડીને તમારો ક્રમ નીચે લઇ શકે છે. માટે જે પ્રશ્નના જવાબમાં તમને વિશ્વાસ હોય તેનો જ જવાબ આપો.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210